સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

કાળાં બજારની દવાથી માનવતા વેંચાય છે!
જિંદગીને બાનમાં લઈ મતદારો ખેંચાય છે!
સિંચાય લાગણી હવે પક્ષના કાર્યાલયમાંથી -
તંત્રને મોઢે મૌનનું માસ્કને આંખ મિંચાય છે.
(શ્રી પાટીલની પરોપકારી સેવા!?)

હાઈકુ

એક જ મુદ્દો !
કરો જીવનો સોદો -
સત્તા ને હોદ્દો !!
(ભાજપનું સેવાકાર્ય)

લેવાશે નોંધ
બગડયા 'સી.આર.'
સર્વિ બૂકે !!
(પાપી પ્રચાર)

ચિંતન

સાહેબ કે દરબાર મેં, કમી કછુ કી નાહીં, ।
કર્મહીન નર પાવત નાહીં, ચૂક ચાકરી માંહી ॥

ઉપરોક્ત સૂત્ર સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

સમજણપૂર્વકનું કેવું જીવન જીવવું જોઈએ? જો નિષ્કામ સત્કર્મોનું ઘણું બધું ભાથું કરીશું, તો પરમાત્મા અવશ્ય મોક્ષ આપશે જ એ અતૂટ શ્રદ્ધા અને નિષ્ઠાથી જીવન જીવીશું તો અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરીશું, પરમાત્મા શક્ય ને અશક્ય અને અશક્યને શક્ય કરવા માટે સમર્થ છે પરંતુ દરેકને તેના કર્માનુસાર જ જીવનમાં સઘળી પ્રાપ્તિ થાય છે.

કર્મના અફર સિદ્ધાંતને અવગણી જીવનમાં અસત્કર્મોનું આચરણ કરીશું તો ફળસ્વરુપ જન્મ-મરણના દારુમ દુઃખદાયક ચકરાવામાં પડીશું. આ જન્મમાં સુખ-સગવડ-સંસ્કારી પરિવારજનો તથા સગા-સ્નેહીની પ્રાપ્તિ થઈ છે, તો તેનો સદુપયોગ કરી આ જન્મે એટલાં તો સત્કર્મોનું ભાથું ભેગું કરી લઈએ કે જેથી ફરી જન્મ ધારણ કરવો પડે નહીં. આવી કલ્યાણકારી સમજણ કોણ આપે ? 'સદ્‌ગુરુ દેવ.'

જો આપણે સદ્‌ગુરુના સાંનિધ્યમાં કલ્યાણ કામના અર્થે યાચક બની પ્રેમ-નિષ્ઠા-ભક્તિ-ભાવપૂર્વક નિરંતર રહીએ અને મનુષ્ય જીવન સાર્થક કરી લઈએ.

સુવિચાર

- અરમાન એટલા જ સારાં, જયાં સ્વાભિમાન વેચવાની જરૂર ન પડે - **એસ. ભટ્ટાચાર્ય**
- ગર્વ રુપનો કદી કરશો નહીં, રુપ તો મિથ્યાભા છે.
  ખરું ગર્વ તલવારમાં, મ્યાન તો મિથ્યા આવાસ છે - **દિનેશ પંચાલ**
- આપણા ભાગ્યનું, આપણે જ પીવું પડે,
  શંકર અને મીરાં તો, ફક્ત રીતો સમજાવે - **પ્રવીણ પટેલ**
- જગત મોટાઈ ને નહીં, માણસાઈને પૂજે છે - **જીવન પાથેય**
- સંબંધના વૃક્ષને તેના થડની લંબાઈથી નહીં,
  પરંતુ મૂળિયાનાં ઊંડાણથી માપવામાં આવે છે - **ટોલ્સટોય**
- હરામની કમાણી - પાપમાં સમાણી અને પુણ્યની બધી કમાણીને તાણી ગઈ - **આચાર્ય રત્નસુંદર સૂરિ**
- આજનું ઔષધ : દહીંની સાથે અજમાનો પાઉડર મેળવી આ લેપ ચહેરા પર લગાડી ત્રીસ મિનિટ બાદ ગરમ પાણીથી ચહેરો ધોઈ નાખવાથી ખીલ મટે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ન્યુ સાલેમ નામના ગામમાં એક જ કરિયાણાની દુકાન હતી. તેમાં એક યુવાન પ્રામાણિકતાથી મહેનતથી નોકરનું કામ કરતો હતો. માલિક હાજર ન હોય ત્યારે પૈસાની લેવડદેવડ તથા કરિયાણું તોલવાનું કામ પણ આ યુવાન જ કરતો. તેની પાસે વસ્તુ વેચવાની વેચાણકળા પણ અદ્‌ભૂત હતી. ગ્રાહકોને જરા પણ ઓછું ન આપવું અને હસ્તા મોઢે ગ્રાહકનો બોલ ઝીલી લેવો. આ તેનો સિદ્ધાંત હતો. ગ્રાહકોને પણ આ યુવાન પર ખૂબ વિશ્વાસ હતો. એકવાર આ યુવાનની માનવ સહજ ભૂલ થઈ ગઈ અને એક સ્ત્રીની પાસેથી એક કિલો ચાના પૈસા લઈને તને સાડા સાતડો ચા અપાઈ ગયાનું એને યાદ આવ્યું. હિસાબ મેળ જોતાં તેને ભૂલ કર્યાનો અહેસા થયો. તેણે ગ્રાહક સ્ત્રીનું નામ સરનામું રોજમેળના ચોપડામાં શોધ્યું અને અઢીશો ગ્રામ ચાનું પડીકું બાંધ્યું. એ સ્ત્રી ન્યુ સામેલથી ચાર માઈલ દૂર રહેતી હતી. રાત્રે આઠ વાગે ચાર માઈલ ચાલીને યુવાન અઢીસો ગ્રામ ચા આપવા પેલી સ્ત્રીના ઘરે ગયો અને કહ્યું, 'બહેન, લો આ અઢીસોગ્રામ ચા, આપને મારાથી ભૂલમાં આટલી ચા ઓછી અપાઈ ગઈ હતી. ફરીથી આવું નહીં થાય. એની ખાત્રી આપું છું. મને ક્ષમા કરો.' પેલી સ્ત્રી આ યુવાનને જોઈ જ રહી. તેની નવાઈનો પાર ન હતો. ચાર માઈલ ચાલીને અઢીસો ગ્રામ ચા આપવા આવનાર યુવાનનો તેમણે આભાર માન્યો. અને તેને રાત્રીનું ભોજન પણ કરાવ્યું. યુવાન પરત ફરતાં રાત્રે આકાશ સામે જોઈ પરમેશ્વરને સંબોધતા બોલ્યો, 'હે પ્રભુ, મેં કંઈ ખોટું તો નથી જ કર્યું.' આ યુવાન એ અબ્રાહ્મ લિંકન તરીકે પ્રખ્યાત થયો.

વિકટ પરિસ્થિતિમાં બધું જ રામભરોસે

તંત્રીસ્થાનેથી...

ગુજરાતના કોરોના સંક્રમણ હવે કાબૂ બહાર નીકળી ગયું છે. અખબારોમાં પ્રગટ થતા સમાચારોને ગુજરાત હાઈકોર્ટે પણ ગંભીરતાપૂર્વક લે છે. આવી સ્ફોટક પરિસ્થિતિમાં કોર્ટ એની ફરજની રૂએ સરકારી તંત્રના કાન આમળ્યા છે. જો કે એથી પરિસ્થિતિ બદલાઈ જવાની નથી. તંત્રની સરિયાણ નિષ્ફળતાનો સ્વીકાર તો ખુદ શાસક પાર્ટીના પ્રદેશ પ્રમુખે કર્યો છે. સુરતની બદહાલી જોઈને એમણે પોતાની વગ વાપરીને રેમડેસેવિર ઈંજેકશનોનો સ્ટોક ગમે તે સ્ત્રોતો કામે લગાડીને અંકે કર્યો અને પાર્ટી કાર્યકર્તાઓ દ્વારા એની વહેંચણી પણ કરાઈ. આથી ખુદ પાર્ટી અને સરકાર વચ્ચે એક પ્રકારનું વૈમનસ્ય ઊભું થયું છે, જો કે પ્રજાને અને આ વિશેષ સંદર્ભે દર્દીઓને તો રોટલાથી કામ છે, ટપટપથી નહીં, રેમડેસેવિર દાઉદ ઈબ્રાહીમ મોકલી આપશે તો ય પ્રજા તો એ મેળવવા પડાપડી કરશે જ. પ્રશ્ન તો આખરે જિંદગી બચાવવાનો છે. વડાપ્રધાન માટે 'ઉત્સવ' શબ્દ વધારે મહત્વનો છે. એમણે કોરોના સામે બાથ ભીડવા માટે તાળી, થાળી અને દીપજયોતિ સહિત ઉત્સવની પરંપરા ચાલુ કરી હતી એમાં હવે 'વેક્સીનોત્સવ' નો ઉમેરો થયો છે. વેક્સીનોથી જ કોરોના સામે ટકી શકાશે એવો સૂર તો અત્ર તત્ર સર્વત્ર - મુફસિલ ફૂટપાથિયા માનવીથી લઈ તજજ્ઞ ડૉકટર સુધીની વ્યક્તિઓ આલાપતી રહી છે. વડાપ્રધાનને બીજો શોખ છે 'સૂત્રો' આપવાનો એમણે બેકાબૂ બની ગયેલી કોવિડ-૧૯ બીમારીને નાથવા માટે પણ સાર સૂત્રો વહેંતા મૂક્યાં છે. પકડી પકડીને, સમજાવી પટાવીને રસીકરણ કરાવવાનો એમનો આદેશ દેશભરમાં 'રસી ઉત્સવ' તરીકે ઊજવાઈ રહ્યો છે. વડાપ્રધાને દલિતોના આદિ મસીહા જયોતિબા ફુલેની જયંતીથી લઈ ૧૪ એપ્રિલે આવતી બાબાસાહેબ આંબેડકરની જયંતી સુધીના દિવસો 'રસી ઉત્સવ' તરીકે ઊજવવાનો આદેશ કર્યો છે. રેમડેસેવિર ઈંજકશનોના કાળા બજાર રોકવા માટે એની નિકાસ અટકાવવા માટે પણ આદેશો બહાર પડાયા છે. જો કે હજી રેમડેસેવિર મેળવવા માટેની લાઈનો ઓછી થઈ નથી. કોરોનાથી બચીને સાજાં થનારને રિકવરી રેટ ક્રમશઃ ઘટતો જાય છે. મૃત્યુઆંક વધતો જાય છે. ટેસ્ટીંગ થશે એટલે પોઝિટિવ કેસોની સંખ્યા તો વધવાની જ છે, એટલી સાદી સમજ માનનીય મુખ્યમંત્રીથી લઈ જનસાધારણમાં પણ છે. પરંતુ જેમ જેમ કોરોના કાચીંડાની જેમ રંગરૂપ બદલતો જાય છે એમ રસીની અસરકારકતા સામે પણ પ્રશ્નાર્થો ઊભા થવા લાગ્યા છે. વધુ ત્રણ રસીઓ બજારમાં મુકાશે એટલે આવડી મોટી વસતિને જરૂર પહોંચી વળાશે એવી આશા પણ જાગી છે. જો કે આ કપરાં દિવસોમાં પણ વડાપ્રધાન અને કેન્દ્રીય ગૃહમંત્રી બંગાળની રેલીઓમાં વ્યસ્ત છે તે સૂચક છે. મહારાષ્ટ્રના આરોગ્યમંત્રીએ એક સૂચક સવાલ કર્યો છે : જયાં ચૂંટણી ચાલી રહી છે ત્યાં કોરોનાનો ઉપદ્રવ કેમ નથી! લાખોની સંખ્યામાં લોકો ભેગા થાય છે. કોઈ સોશિયલ ડિસ્ટંસ પાળતું નથી, અડધાં કરતાં વધુ લોકો માસ્ક વગર જ રેલીઓમાં ભીડ જમાવે છે! આ બધી રહસ્યમતી બાબતો વચ્ચે કઠોર વાસ્તવિકતા એ છે કોરોનાએ દેશને એવો ભરડો લીધ છે કે કદાચ બંગાળની ચૂંટણીઓ પૂરી થતાં જ વડાપ્રધાન વધુ એક લોકડાઉનની જાહેરાત કરે. લોકડાઉનના સ્વૈચ્છિક પ્રયોગો ઘણાં નાનાં શહેરો અને ગ્રામ વિસ્તારોમાં થઈ રહ્યાં છે. આર્થિક રીતે પાયમાલ થઈ ગયેલા દેશને વધુ એક લોકડાઉન પોસાય એમ નથી, તો સામે પક્ષે કોરોનાગ્રસ્ત થઈ મરવું પણ ગમશે નહીં. લોકો અયોધ્યામાં રામજન્મભૂમિ સ્થળની માટી લેવા અને હરિદ્વારના કુંભમાં ડૂબકી લગાવી પવિત્ર થવા પડાપડી કરી રહ્યા છે. રામભરોસે રહેતાં દેશમાં તંત્ર નિષ્ફળ જાય ત્યારે આસ્થા જ અફીણનો ઘૂંટડો બની રહે છે. આવી વિકટ સ્થિતિમાં પણ શ્રદ્ધાળુઓએ ચારધામ યાત્રા માટે રેકોર્ડ સંખ્યામાં આગોતરું બુકિંગ કરાવી દીધું છે એ એનો પુરાવો છે.

વાત... પ્રેમાળ દાંપત્યજીવનની અને જીવનની અર્થપૂર્ણ સમજણની

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'હું ને તારી મામી, અમારી ઘરના ફલેટની ગેલેરીમાં બેઠા બેઠા હીંચકે ઝુલતા ઝુલતા સરસ મજાની વાતો કરતા હતા, અને તારી મામીએ મને જે વાતો કહી ને....' આટલું કહેતા કહેતા નવીન મામાની આંખો સહજ પ્રેમથી ભીની થઈ ગઈ.

વાત મારા મામી, ચંદ્રિકાબેન રાજયગુરુ અને મામા નવીનભાઈ રાજયગુરુના પ્રેમાળ દાંપત્યજીવનની અને જીવનની અર્થપૂર્ણ સમજણની છે.

ગત વર્ષે એકાદ દિવસની ટૂંકી બિમારીમાં ચંદ્રિકા મામીનું અવસાન થયું. કોરોનાની પરિસ્થિતિ હળવી થતાં જયારે ભાવનગર જઈને મામાને અને પરિવારને મળવાનું થયું ત્યારે મામાએ લેખના આરંભે લખેલા શબ્દો કહ્યા ને ઉમેર્યું, 'તારી મામીએ સાવ અચાનક, કોઈ સંદર્ભ વિના મારો હાથ હાથમાં લઈને અત્યંત પ્રેમાળ સ્વરે કીધું કે 'મેં તમારી પાસે હક્કથી જીદથી અને દાદાગીરીથી કેટલીક વસ્તુઓ મારી માટે લીધી છે, માંગી છે. તમે બધી જ વસ્તુઓ વિના વિલંબે આપી છે. તમને કદાચ એમ થતું હશે કે આ બધી વસ્તુ મેં જીદથી માંગી છે પણ તમે મારાથી ઉંમરમાં મોટા છો એટલે લાડથી મેં માંગી છે તમે લાડથી માંગેલી બધી માંગણીઓ પુરી કરી છે. અને મને સંતોષ પણ છે અને અભિમાન પણ છે.'

મામીએ ગદગદ કંઠે આ વાત કહી એના દસેક દિવસ બાદ એમણે દેહ છોડી દીધો. મામા અને એમના સંતાનો હિતેષ - ચેતન - અવની તથા પુત્રવધુઓ ધરતી - વિધિ અને પૌત્ર-પૌત્રીઓને મધ-મીઠા સંભારણા આપીને તેઓ તો જતા રહ્યા.

વ્યક્તિગત વાત કરું તો મને પણ એમના કેટકેટલા સ્મરણો સતત યાદ આવ્યા કરે...

મારું બાળપણ મોસાળમાં હરિદાદા અને હીરાબાના સાનિધ્યમાં વીત્યું. ચંદ્રિકામામી પરણીને પાલીતાણાથી આવ્યા ત્યારે સાવ નાની ઉંમર... ગામડા ગામની આખાબોલી પણ દંભ વિનાની ભાષા... સંયુક્ત પરિવારમાં રહીને રસોઈ - ગૃહકાર્ય ને મહેમાનોનું આતિથ્ય શીખ્યા.

મારા પર અનહદ પ્રેમ, કોઈ કાર્યક્રમ જેવાં હું વક્તા હોઉ ને તેઓ શ્રોતામાં હોય... કાર્યક્રમ પૂરો થયે પગે લાગું... રાજી થાય.. મારી પત્ની મનીષાને ખૂણામાં લઈ જઈને કહે પણ ખરા' આ તો હવે બધું આવડ્યું ને એવી એવી વાતો કરે કે બંને હસી પડે...!! ખુબ હસે ને ખુબ હસાવે, સતત વાતો કરે, કયારેક ખોટું પણ લાગી જાય, કોઈના પર ગુસ્સે પણ થઈ જાય, પણ મનમાં ન રાખે, થોડી જ વારમાં પ્રેમ પણ વરસાવી દે. નવીન મામા અનેક સામાજિક સંસ્થાઓ સાથે જોડાયેલા અને વ્યવસાયે કન્સલટન્ટ, શહેરના દિગ્ગજો એમને પૂછે પણ એમણે તો મામી જેટલું કહે એટલું જ કરવાનું!!

નવીનમામા સ્મરણો યાદ કરતા ગયા, એમ એમ એમના ચહેરા પર પચાસ વર્ષના મધુર દાંપત્યનો આનંદ વ્યક્ત થતો ગયો.

એકવાર મામીએ એમને કહ્યું કે ગાડી લઈને ચાલો મારી સાથે...' ગાડીમાં બેસીને કહે 'મારે બુટીયા લેવા છે...' જવેલર્સને ત્યાં ગયા, એમની પસંદના ના મળ્યા, પારિવારિક મિત્ર રશ્મીભાઈને ફોન કર્યો કે તમારા પત્ની રક્ષાબેન જે બુટીયા પહેરે છે તે મને આવી જાવ... પત્નીના કાનમાંથી બુટીયા કઢાવીને આપી ગયા... ને પછી ચંદ્રિકા મામીએ એવા જ સોનાના બુટીયા કરાવ્યા... મામા કહે છે કે 'મને આવા દોસ્તો મળ્યા, એમની દોસ્તીને પણ સલામ...!!'

વિદેશમાં ફરવા જવું હોય, મન થાય એટલે જવાનું જ, તરતા ન આવડે પણ સ્વીમીંગ પુલમાં તો પડવાનું જ... કોઈ ફીલોસોફર, ધર્મગુરુ કે વિચાર ધારાને અનુસર્યા વિના સરળ સહજ મસ્તીથી, મૌજથી, જલસાથી ને ઝીંદાદિલીથી જીવન જીવી ગયા. પરિવારના સભ્યોની પ્રગતિ જોઈને રાજી થાય...મનમાં કોઈ વાત ભરીને નહિ, પરંતુ મનભરીને જીવ્યા... નવીન મામા, એમના જીવનસાથીના સ્મરણો અને એમણે જ પ્રેરેલા આત્મવિશ્વાસ સાથે બાળકો પરિવાર અને મિત્રોની હૂંફમાં જીવનની પરિસ્થિતિને સ્વીકારીને સહજતાથી, આનંદથી જીવન જીવી રહ્યા છે.

મારીને તમારી આસપાસ કયારેક નજર માંડીએ તો આપણા ઘરમાં જ આવા પરમ પ્રસન્નતાથી ભર્યા ભર્યા દાંપત્યો જોવા મળશે.

વૈધાનિક કે વૈચારિક મતભેદ હોય, ઉંમરનો ડીફરન્સ હોય કે ના હોય, પણ આખરે વાત જીવનમાં પ્રેમને પામવાની છે - જીંદગીમાં પ્રેમને પામવાની છે - જીંદગી જલસો છે એ સૂત્રને સાર્થક કરવાની છે અને પરસ્પરના વાણી-વર્તન-વ્યવહારને અર્થપૂર્ણ રીતે સમજવાની છે. આવા દાંપત્યમાં પ્રેમના દીવડા ઝળહળે છે ને આસપાસ ઉજાસ રેલાય છે.

ખૂટી જાય શબ્દો તો લાગણીઓને મૌનથી મઠારો, હૃદયની વાણીને નથી જોઈતો શબ્દોનો ઠઠારો

વિચારયાત્રા
ડો. જય ઓઝા

વેન્ટિલેટર - આજના સમયમાં વ્યક્તિ અને સંબંધો બંને જ્યારે વેન્ટીલેટર પર આવી જાય છે ત્યારે સમજવું કે વ્યક્તિમાં શ્વાસની ઉણપ છે અને સંબંધોમાં વિશ્વાસની ઉણપ છે. કારણકે શ્વાસ જો શરીર ટકાવે છે તો વિશ્વાસ સંબંધ ટકાવે છે.

સમગ્ર દુનિયામાં કોરોના નામક મહામારીએ વ્યક્તિ-વ્યક્તિને પંગુ બનાવી દીધા છે. શ્વાસ અને ઓક્સિજન લેવલમાં પ્રશ્નો ઊભા થાય એટલે સમજવું પડે કે હવે વેન્ટીલેટરની જરૂર પડશે જ.

શારીરિક તકલીફોની સાથે-સાથે સંવેદનહિનતાની અને લાગણી શૂન્યતાના જે કિસ્સા આ સમયમાં જોવા મળ્યા છે તે હલબલાવી દેનારા છે. શરૂ-શરૂમાં લોકડાઉન હતું ત્યારે ક્યાંક-ક્યાંક કોરોનાવોરિયર્સ એવા ડોકટર્સ અને નર્સ સાથે આભડ-છેટના અને અપમાનજનક વર્તણૂકના કિસ્સાઓ નજરે ચડતા હતા. પછી ધીરે-ધીરે સોસાયટી કે મહોલ્લામાં કોઈ પોઝીટીવ ઘર કે વ્યક્તિ હોવાનું સંભળાય કે તરત બાકીના લોકોનો જોવાનો દૃષ્ટિકોણ બદલાઈ જતો નજરે ચડતો હતો.

વાસ્તવમાં Social Distancing નહીં Physical Distancing કરવાનું શરૂ કરવું જોઈએ. સામાજિક અંતર નહીં પરંતુ શારીરિક જરૂરી છે. સમય ખરેખર તો એકબીજા સાથે દો ગજ કી દૂરી સાથે ઊભા રહેવાનો છે. ખભે ખભા મિલાવીને નહીં પરંતુ પડછાયા સાથે પડછાયો બનીને ઊભા રહેવાનો સમય છે ઈતિહાસ શીખવે છે જ્યારે પણ કોઈ કુદરતી આફત આવી છે ત્યારે જે તે પ્રદેશની જનતાએ ઉલટભેર જવાબ આપ્યો છે. એ પછી ભૂકંપ હોય સુનામી હોય કે પૂર આવ્યું હોય. લોકો બમણી તાકાત સાથે આગળ વધે છે. તો આ વળી કોરોના કઈ બલાનું નામ છે ?

અહીં તો હોમ isolation કે પછી ફરજિયાત એકાંતવાસને એક પ્રકારનો સામાજિક બહિષ્કાર કે પછી અણગમાની લાગણી વ્યક્ત કરતા લોકોને જોઈને ચિંતા ઉપજાવે તેવું વાતાવરણ સર્જાય છે. વેન્ટિલેટર એટલે કૃત્રિમ શ્વાસોશ્વાસ બનાવી રાખવાની પ્રક્રિયા. આ યંત્રથી માનવી અને પ્રાણવાયુ વચ્ચે એક સેતુ રચાય છે. વેન્ટિલેટર એ કાયમી ઉપાય નથી પરંતુ પ્રાણવાયુનું મહત્ત્વ કેટલું છે તે સમજાવતું સાધન છે. જે પ્રાણવાયુ આપણને વૃક્ષો દ્વારા વિનામૂલ્યે મળતો હોય છે તેને કૃત્રિમ રીતે મેળવવો કેટલો મુશ્કેલ છે તેની વ્યક્તિને સમજ ત્યારે જ પડે છે જ્યારે તે સહજતાથી પ્રાપ્ત થતો નથી.

તેવી જ રીતે આપણે કેટલા સુંદર સંબંધોથી જોડાયેલા છીએ જે સંબંધોની કદર રોજિંદા જીવનમાં આપણે ઘણીવાર કરતા નથી. આખરે એ સંબંધોને પણ વેન્ટિલેટર પર મૂકવા પડે છે. દયા, પ્રેમ, કરુણા જેવી ભાવનાઓ જ્યારે આપણામાંથી નામશેષ થતી જતી હોય છે ત્યારે સંબંધો આપોઆપ ICUમાં આવી જતાં હોય છે.

આપણે પણ અજીબ વિચિત્ર પ્રાણીઓ છીએ. કરણ જોહર અને સૂરજ બડજાત્યાના પીક્ચરમાં દુઃખ દર્દ જોઈને આંસુ સારીએ છીએ..પણ વાસ્તવિક જીવનમાં કોલ્લકના દુઃખને નાટક સમજીને અવગણીએ છીએ. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે શાબ્દિક અંતર હોય તો ચાલે પરંતુ મનનું અંતર તો ક્યારેય ન ચાલે.

ખૂટી જાય શબ્દો તો લાગણીઓને મૌનથી મઠારો,
હૃદયની વાણીને નથી જોઈતો શબ્દોનો ઠઠારો...
નાની-નાની વાતોમાં ખોટું લગાડીને, મોઢું ચડાવીને ફરવાવાળા રુઠેશ્વરોએ સમજવું પડશે કે, હવે હાથ મીલાવવાના અને ગળે લાગવીને રીસાયેલાઓને મનાવી લેવા પર પાબંદી લાગી ગઈ છે, સંબંધમાં જ્યારે જિદ્દ અને અહમ આવી જાય છે, ત્યારે બંને જીતી જાય છે અને સંબંધ હારી જાય છે.

ઈસ કદર ભી તો ન જજ્બાત પે કાબૂ રખો
થક ગયે હો તો મેરે કાંધે પે બાજૂ રખો

સંબંધો વેન્ટીલેટર પર એટલે આવી ગયા છે કારણ કે, સંબંધ સાચવવા માટે હોય છે અને પૈસા વાપરવા માટે હોય છે. પરંતુ તકલીફ ત્યારે આરંભાય છે જ્યારે માનવી પૈસાને સાચવે રાખે છે, અને સંબંધોને વાપરે રાખે છે.

એક સાંજે
ટ્રેનના ચાલ્યા ગયા પછી
રેલવેના પાટા અરસ-પરસ પૂછતા હતા :
'બે માણસને એકબીજાથી દૂર જવા માટે
કેટલું ડિસટન્સ જોઈએ ?'

- વિપિન પરીખ

- jayuoza@gmail.com,
Mo.9898046488

બાળક ઉપર ઉપદેશો નહીં ઉદાહરણરૂપ વર્તણૂંક અસર કરે છે...

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

ક્લાસ રૂમમાં બેઠેલા પ્રત્યેક ભુલકાઓના દિલમાં તેમની સામેથી બોલતા શિક્ષકની તસવીર ઉજાગર થતી હોય છે. આ છબી કેવી અને કેટલી ઉપસાવવામાં આવે છે તે શિક્ષક ઉપર નિર્ભર હોય છે. એક બાળકને ઘડીને સમાજને અર્પિત કરવાનું પવિત્ર કામ શિક્ષકનું હોય છે. સંસ્કાર વગર અપાયેલું અક્ષરજ્ઞાન કાગળના ફૂલો જેવું હોય છે. દેખાવ તો રૂપકડો લાગે પણ એમાં સુગંધ ન મળે. બાળકનું હૃદય કાચ જેવું સાફ હોય છે. એને ઉપદેશો નહીં ઉદાહરણ જોઈએ. શિક્ષકનું ઉદાહરણીય વર્તન એના કોમળ હૃદય ઉપર જડબેસલાક રીતે અંકીત થઈ જતું હોય છે.

ગુજરાત અને મહારાષ્ટ્રની સીમાઓને અડીને આવેલા મોટી દેવરૂપેણ ગામમાં આવેલી પ્રાથમિક શાળાના શિક્ષક ઉત્પલભાઈના ઉદાહરણીય શિક્ષણ કાર્યની નોંધ લેવી પડે એમ છે. નાના એવા ગામમાં કામ કરતા આ શિક્ષકે મોટી વૈચારિક છલાંગ મારી છે. ઉત્પલભાઈએ એમની જમીનમાં ૫૦ હજાર જેટલા વૃક્ષો ઉછેર્યા છે. એમણે અઢી એકર જેટલા વિસ્તારમાં જાંબુ, બોર, જમરૂખ, ચેરી વગેરે ફળાઉ રોપા ઉછેર્યા છે. એમના 'ફ્રુટ ગાર્ડન'નું જતન દાદ માગી લે એવું છે.

શાળાના બાળકોને સમયાંતરે ઉત્પલભાઈ એમના ફ્રુટ ગાર્ડનમાં લઈ જઈને છોડનું જતન કરવાનું પ્રત્યક્ષ શિક્ષણ આપે છે. વિદ્યાર્થીઓ ફ્રુટ ગાર્ડનમાં છોડની માવજત કરતા કરતા ફળ તોડીને મોજથી ખાય ત્યારે એને ખ્યાલ આવે છે કે, એક ફળ તૈયાર કરવામાં કેટલો પરિશ્રમ કરવો પડે છે. ઉત્પલભાઈના વિદ્યાર્થીઓ ફ્રુટ ગાર્ડનમાં ગમ્મત સાથે જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે. સરગવો જબરો ગુણકારી અને વધે પણ ખુબ ઝડપથી. આ શિક્ષકવીરે ગયા વર્ષે તેના ખેતરમાં સરગવાના હજારો બી રોપ્યા હતા. આજે એક વર્ષ બાદ તેમની વાડીમાં અસંખ્ય સરગવાના ઝાડ સરસ ડેવલપ થઈ ગયા છે. આસપાસના ગામના ૬૦ થી ૭૦ ટકા લોકો ઉત્પલભાઈની વાડીનો સરગવો ખાતા થઈ ગયા છે.

તાજેતરમાં ઉત્પલભાઈએ એમના વિદ્યાર્થીઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે એક સરસ વિચાર અમલાં મૂક્યો છે. એમના એક મિત્ર પાસેથી ૨૦-૨૫ રૂપિયામાં ચંદનના રોપા એમણે ખરીદ્યા છે. એમના દરેક વિદ્યાર્થીને ઉત્પલભાઈ એક ચંદનનો રોપો આપે છે અને કહે છે, 'આ ચંદનના રોપાને ઘરના આંગણાંમાં વાવીને બરાબર માવજત કરજો. તમે કોલેજમાં જશો ત્યારે આ છોડ તમને મોટર સાઈકલ અપાવશે.' આની પાછળ એમનું લોજિક એ છે કે, ચંદનનો છોડ પાંચેક વર્ષમાં ખાસ્સો મોટો થઈ જતો હોય છે. ચંદનના છોડની ડાળીનો એક કિલોનો બજાર ભાવ આજે રૂ. ૧૮૦૦ જેટલો હોય છે. પ્રાથમિક શાળામાં ભણતો વિદ્યાર્થી પાંચ સાત વર્ષે જ્યારે કૉલેજમાં જવા માટે સજ્જ થાય ત્યારે આ ચંદનનું વૃક્ષ એની આર્થિક તાકાત બની શકે છે. એમની શાળાના બાળકો હોંશે હોંશે ચંદનના રોપાની સાર સંભાળ લઈને એને ઉછેરી રહ્યાં છે

આ શિક્ષકના પ્રકૃતિપ્રેમનો ઈતિહાસ રસપ્રદ છે. ઉત્પલભાઈને બાળપણથી જ વૃક્ષો અને જંગલો પ્રત્યે લગાવ થવાના મૂળમાં એમના પિતા ભરતભાઈ છે. પિતા બાળ ઉત્પલને રોપાઓ ઉછેરવા અને માવજત કરવા હંમેશા સાથે લઈ જતા. શરૂ શરૂમાં એમને કંટાળો આવતો. પછી તો યુવાનીના ઉંબરે પગ મુકતા સુધીમાં ભાઈ ઉત્પલને જંગલ, વૃક્ષો, પહાડો, નદીઓ, પશુ, પંખી વગેરે સાથે સખત લગાવ થઈ ગયો. દોઢ બે દાયકા પહેલાં એક દિવસ ઉત્પલભાઈ એમના મિત્ર સાથે નર્મદા જિલ્લા પાસેના સાતપૂડાના જંગલોમાં ટ્રેકીંગમાં ગયા ત્યારે એમની નજર પુવલો પર પડી. મુસળીને આદિવાસી વિસ્તારમાં પુવલો કહે છે. જંગલમાં પુવલો કુદરતી રીતે જ વિપુલ પ્રમાણમાં ઉગતી હોય છે. આદિવાસી બાંધવો પુવલાની ભાજી ટેસથી ખાય છે. ઉત્પલભાઈએ પાંચ-સાત મુસળીના છોડ મુળ સાથે ઉખાડીને પોતાની થેલીમાં મૂકી દીધા. ઘરે આવી કુંડામાં એ રોપી દીધા. પરંતુ થોડા દિવસોમાં આ છોડ મુરઝાઈ ગયા. આ જોઈને એ ખૂબ વ્યકિથત થઈ ગયા. એમનો આ પ્રથમ પ્રયોગ નિષ્ફળ નીવડ્યો પણ અહીંથી એમની પ્રકૃતિ પ્રેમની યાત્રા સડસડાટ ચાલી.

ઉત્પલભાઈના વૃક્ષો અને પ્રકૃતિ પ્રેમના કારણે દુર્લભ પંખીઓની સંખ્યા પણ કિલ્લોલ કરતી વધી રહી છે. એમણે યુ-ટ્યુબ ઉપર જાપાનના મિયાવાકી વૈજ્ઞાનિકના સંશોધન અહેવાલ દ્વારા જાણ્યું કે કુદરતી રીતે જંગલો બનતા ૨૦૦થી ૩૦૦ વર્ષો લાગતા હોય છે પરંતુ સિસ્ટેમેટિક એપ્રોચથી વ્યક્તિ ત્રણથી પાંચ વર્ષમાં ગાઢ જંગલનું નિર્માણ કરી શકે છે. એમણે આ મિયાવાકી સંશોધનના આધારે જ અઢી એકર વિસ્તારમાં પ્રગાઢ જંગલ ઊભું કરવાનું બીડું ઝડપ્યું છે. મુળ સ્વભાવે શિક્ષક અને એમાં ભળી પ્રકૃતિના લગાવની વૈચારિકશક્તિ. પછી તો પુછવુ જ શું, આ શિક્ષકે ગુજરાત અને મહારાષ્ટ્રની સીમા ઉપર એકલા હાથે નંદનવન ખડુ કરવાની દિશામાં પગરણ માંડ્યા છે. સાથે સાથે વિદ્યાર્થીઓને અનુભવ શિક્ષણના પદાર્થપાઠ પણ શિખવતા જાય છે.

પેલી કહેવત છે ને કે, 'કુવામાં હોય તો હવાડામાં આવે' એ સાચુ પણ ખરેખર તો એમ કહેવું જોઈએ કે, 'જેવું કુવામાં હોય એવું જ હવાડામાં આવેલ્ય. એટલે સીધી વાત કે જો શિક્ષકનું વર્તન અનુકરણીય હશે તો વિદ્યાર્થી અવશ્ય સાચા અર્થમાં જીવનના પદાર્થપાઠ મેળવી શકશે. ગાંધીજીના ગુરુ શ્રીમદ્ રાજચંદ્રજી કહેતા કે, જ્ઞાન તો દોરો પરોવેલી સોય જેવું હોય છે. દોરો પરોવેલી સોય કદી ખોવાતી નથી એમ જ્ઞાન પરોવેલી જિંદગીથી સંસારમાં ભુલા નથી પડાતું. જાગૃત શિક્ષક બાળકની જિંદગીમાં જ્ઞાન પરોવવાનું કાર્ય કરે છે અને પછી એ જીવનમાં ક્યરેય ખોવાતો નથી. જગતમાં કેળવણી જેવો બીજો કોઈ ઉત્તમ વ્યવસાય છે જ નહીં.

બાળક દીપકની જ્યોત છે. એને પ્રજ્વલિત કરવાનું ઉમદા કાર્ય શિક્ષકના શીરે હોય છે. શિક્ષક બાળકને પ્રેરિત કરવા માટેનું ચાલક બળ હોવો જોઈએ. એક આદર્શ શિક્ષક જીવનભર શીખતો હોય છે. જેટલું એ વધુ શીખશે એટલુ એના વિદ્યાર્થીઓને એ વધુ સારી રીતે પ્રેરિત કરી શકશે. ગાંધીનગરની ચેમ્પ્સ એકેડેમીના ડાયરેકટર કેવલ ત્રિવેદીએ કહે છે કે, 'હું વિદ્યાર્થીઓને કોઈ દિવસ શીખવતો નથી, હું તો એવા સંજોગોનું નિર્